**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૪૧.૫ ડીગ્રી
લઘુતમ : ૨૨.૦ ડીગ્રી
ભેજ
સવારે ૫૭ ટકા ● સાંજે ૧૮ ટકા

# આજથી લીમડાનો રસ : વર્તમાનમાં અકસીર ઈલાજ



ગાંધીનગર, તા.૧૨

વસંતઋતુનો ઉત્તરાર્ધ એવો ચૈત્ર મહિનો. ચૈત્રમાં લીમડો અને તેના મોરનો રસ પીવાનું અનેરું મહત્વ છે. ઋતુ બદલાતા ચૈત્ર મહિનામાં લીમડાના કુમળા પાન અને સફેદ ફુલની માંજર એટલે કે લીમડાના મોરનો રસ પીવાથી તમામ રોગ મટી જાય છે તેવું પહેલાના વૈદ્ય અને દાદીમા કહેતા. શહેરમાં પણ ચૈત્ર મહિનાની શરૂઆતથી જ લીમડાના મોરનો રસ શહેરીજનો પીવાનું શરુ કરે છે જે કોરોનાના સમયમાં આજે ડોકટરો દ્વારા આ સમયગાળામાં અકસીર ઈલાજ કહેવાયો છે.

કોરોનાને કારણે દર્દીને આવતા તાવને મટાડવા ખાસ લીમડા અને તુલસીના પાન સાથે મરીના દાણાની ચા પીવાથી તાવ જલ્દીથી મટી જાય છે તેવું શહેરના આયુર્વેદીક તબીબોનું માનવું છે.

લીમડામાં એન્ટી ઈન્ફલેમેન્ટરી તત્વ હોય છે. કોઈ પણ પ્રકારના રોગ મટાડવામાં લીમડો ખાસ ઉપયોગી છે. શરીરના કોઈ પણ અંગમાં તકલીફ પડે તો લીમડાના પાન અકસીર ઈલાજ છે. આપણા શાસ્ત્રોમાં કહેવાયું છે કે ચૈત્ર માસમાં જો લીમડાના મોરને રાત્રે પલાળી સવારે તેનું સેવન કરવામાં આવે તો બાર મહીના સુધી કોઈ બિમારી થતી નથી.

લીમડામાં એન્ટિ ઓકિસડન્ટ એન્ટી વાયરલ અને એન્ટી મેક્રોબીયલ ગુણો રહેલા છે એટલે જો સવારે ખાલી પેટે લીમડાના પાન કે મોરનું સેવન કરવામાં આવે તો ઈમ્યુન સિસ્ટમને વધારી શકાય છે. કોરોનાના દર્દીને જયારે ઈમ્યુનિટીમાં વધારો કરવાની જરૂર છે ત્યારે આજથી ચૈત્ર મહિનાની શરૂઆતથી જ લીમડાના મોરનો રસ આરોગવામાં આવે તો કોરોના જલ્દીથી મટાડી શકાય છે.

શહેરમાં આજથી જ શિયાળામાં જયુસની જગ્યાએ હવે ઠેર ઠેર લીમડાના મોરનો રસ વેચાવાનો શરૂ થઈ જશે. આ ઉપરાંત શહેરના શાકમાર્કેટમાં પણ લીમડા તથા મોરનું વેચાણ શરૂ થઈ જશે. ગાંધીનગરમાં અનેક લીમડાના ઝાડ હોવાથી શહેરીજનો જો ધારે તો લીમડાના મોરનું સેવન કરી કોરોના કે તે સિવાયના તમામ રોગ મટાડી શકશે.

## અડાલજ ખાતે સીટી બસની અડફેટે યુવકનું મૃત્યુ

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર નજીક અડાલજ-મહેસાણા માર્ગ પર સીટી બસની અડફેટે બાઈક ચાલક યુવાનનું ઈજાને પગલે સ્થળ પર જ મૃત્યુ થયુ છે. યુવક બાઈક લઈને છુટક મજુરી કરવા માટે જઈ રહ્યો હતો, તે સમયે અકસ્માત સર્જાયો હતો. અડાલજ પોલીસ મથકે સીટી બસના ચાલક સામે ગુનો નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો પાસેથી મળતી વિગત મુજબ અડાલજ કૈલાસ સોસાસટીની પાછળના ભાગે રહેતા રાજુજી મોહનજી ઠાકોર પોતાના પરીવાર સાથે રહે છે. રાજુજીને પત્નિ, બે દિકરા અને એક દિકરી છે. દિકરો વિજય ડ્રાઈવરની નોકરી કરે છે. જયારે નાનો દિકરો રોહિત છુટક મજુરી કરે છે.જયારે દિકરીને પરણાવી દેતા સાસરીમાં છે. રોહિત બાઈક નં. જી.જે.૧૮.ડી.ડી.-૦૪૪૮ લઈને સવારે મજુરી કામ માટે નીકળ્યો હતો.તે સમયે માતેલા સાંઢની જેમ દોડતી સીટી બસ નં. જી.જે.૧૮.એ.ઝેડ.-૪૯૪૬ ના ચાલકે બેફામ ગતિએ બસ દોડાવી બેદરકારી અને ગફલતભરી રીતે ચલાવી પાછળથી બાઈકને ટકકર મારી અકસ્માત સર્જયો હતો.જેમાં બાઈક ચાલક યુવાન નીચે માર્ગ પર પટકાતા માથાના ભાગે તેમજ શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા બનાવ સ્થળ પર યુવકનું પ્રાણ પંખેરુ ઉડી ગયું હતું. અકસ્માતને પગલે સ્થળ પર વાહન ચાલકો મોટીસંખ્યામાં એકઠા થઈ ગયા હતા. પરિવારના સભ્યોને જાણ થતા તેઓ પણ તાત્કાલીક દોડી આવ્યા હતા. બનાવ અંગે અડાલજ પોલીસ મથકે ગુનો નોંધાવતા પોલીસે સીટી બસના ચાલક સામે ગુનો નોંધી તેને પકડી પાડવા માટે ચક્રો ગતિમાન કર્યા હતા. ઉલ્લેખનીય છે કે તાજેતરમાં ૬-૭ કટ પાસે પણ સીટી બસના ચાલકે સ્વીફટ કાર સાથે અકસ્માત સર્જાયો હતો. જેમાં કારના આગળના ભાગનો ખુડદો બોલી ગયો હતો.



વનવિભાગે ફેન્સીંગની કામગીરી પુનઃ શરૂ કરી છે. ગ-૨ થી ગ-૩ સર્કલ વચ્ચે ફેન્સીંગ કરી વૃક્ષોને રક્ષણ આપવામાં આવી રહ્યું છે.

## કલોલમાંથી બે લોડીંગ રીક્ષા ચોરી કરનાર ત્રણ ઝડપાયા

ગાંધીનગર, તા.૧૨

કલોલ શહેરમાંથી છકડો રીક્ષાઓની ચોરી કરી તેને કટીંગ કરી તેના સ્પેરપાર્ટસ ભંગારમાં વેચી મારતા ૩ શખ્સોને એલસીબી પોલીસે પકડી પાડ્યા છે. જયારે પોલીસે ત્રણ શખ્સો પાસેથી રૂ.૨૦ હજાર કબ્જે કર્યા છે. કલોલ શહેર રીક્ષા ચોરીના બે ગુના એલસીબી પોલીસે ઉકેલી દીધા છે.

સુત્રો પાસેથી મળતી વિગત મુજબ એલસીબી પીએસઆઈ એ.જી.એનુરકાર તેમજ સ્ટાફના સભ્યો ગતરોજ કલોલ શહેરી વિસ્તારમાં પેટ્રોલીંગમા હતા તે દરમિયાન સાથે રહેલા વિજયસિંહને ચોક્કસ માહિતિ મળી હતી કે આશરે છ માસ પહેલા કલોલમાંથી વિવિધ વિસ્તારમાંથી બે છકડો રીક્ષાની ચોરી થઈ હતી. આ રીક્ષા ચોરી કરનાર શખ્સો મટકાકુવા ઓવરબ્રિજ નીચે ઉભા છે. જેથી પોલીસે તાત્કાલીક સ્થળ પર જઈને તપાસ કરતા તૌસીફ ઉર્ફે ટકો અકબરભાઈ ઉર્ફે બબ્બનભાઈ શેખ (રહે. ૪ નવાપુરાની ચાલી, નવજીવન ફલેટ,વટવા મુળ રહે. ઈદગાહ




અસારવા અમદાવાદ), અબ્દુલ મજીદ અબ્દુલ અઝીઝ કુરેશી (રહે. ૪૦૨, ઝમઝમ ફલેટ ચોથા માળ ઘોડા મસ્જીદ ઢાલગરવાડ લીંમડી ચોક દરીયાપુર અમદાવાદ) તેમજ મહેબુબ અબ્દુલ્લા સબુરીયા (રહે. જહુરપુરા મસ્જીદ, જહુરપુરા મહોલ્લા રક્ષણ રોડ ગોધરા)ને પકડી પાડ્યા હતા. પોલીસે આ શખ્સોની પુછતાછ કરતા બે લોંડીગ છકડો રીક્ષાની ચોરી અંગે ઉંડાણપૂર્વક પુછતાછ કરતા તૌસીફ ઉર્ફે ટકો અકબરભાઈ ઉર્ફે બબ્બનભાઈ શેખે જણાવ્યું હતું કે આશરે છ માસ પહેલા તેણે અને તેના સાગરીતોએ અબ્દુલ મસ્જીદ કુરેશી તેમજ એજાઝ અખ્તર હુસેન શેખ (રહે. અસારવા) સાથે મળીને કલોલ મહેન્દ્ર મીલ માર્ગ પર જે.પી ગેટની બાજુમાંથી રાત્રીના બે વાગે લોડીંગ રીક્ષા અને રાધેશ્યામ બેકરીની બાજુમાં એક ગલીમાંથી લોડીંગ રીક્ષાની ચોરી કરી હતી. આ રીક્ષાઓ એજાઝ શેખના ઘરે લઈ ગયા હતા અને ત્યાંથી બે દિવસ બાદ ગોધરા લઈ ગયા હતા. ત્યાં એજાઝે શેખે પોતાના પરિચીત અશરફ યાકુબ સબુરીયા અને મેહબુબ અબ્દુલા સબુરીયા (બંન્ને રહે.ગોધરાવાળા) આપી દીધી હતી. આ શખ્સોએ સાથે મળી રીક્ષાઓને કટીંગ કરી તેનો ભંગાર વેચી માર્યો હતો. અને તે ભંગારમાંથી મળેલા રૂપીયા પૈકી રૂ.૨૦ હજાર પોલીસે કબ્જે કરી આગળની તપાસ હાથ ધરી છે.

## વેસ્ટર્ન એગ્રી સીડસ દ્વારા ઉકાળાનું વિતરણ

ગાંધીનગર, તા.૧૨

પ.પૂ.પ્રાગદાસજીબાપુની રામવાડી અન્નક્ષેત્ર ટ્રસ્ટ અને વેસ્ટર્ન એગ્રીસીડસ લી. ગાંધીનગરના સૌજન્યથી કોરોનાની મહામારીમાં રાહત મેળવવા વિનામૂલ્યે આયુર્વેદિક ઓર્ગેનિક ઉકાળાનું વિતરણ શરુ કરવામાં આવ્યું છે. ગાંધીનગર અને આસપાસના વિસ્તારોમાં ઉકાળો મેળવવા માટે કુમારભાઈ (ફોન નં. ૭૯૯૦૮૪૮૬૯૯)નો સંપર્ક સાધવા જણાવાયું છે. ઉકાળાનું વિતરણ સવારે ૮ થી ૯.૩૦ દરમિયાન વસ્ટર્ન એગ્રી સીડસ લી. સેકટર-૨૮, શ્રી મહાકાલેશ્વર મંદિર, સે-૧, વેસ્ટર્ન એગ્રી સીડસ ફાર્મ, ધોળાકુવા વેસ્ટર્ન એગ્રી સીડસ ફાર્મ, મુ.ઘેઘુ (બાવલા-ગોજારીયા રોડ), વેસ્ટર્ન બાયો સીડસ મુ. રાંધેજા, મુકિતધામ સે-૩૦, શ્રી ઈન્દ્રાણીમાતાનું મંદિર, મુ. ઈન્દ્રોડા અને જયનિત સીડસ ફાર્મ, મુ. નાદરી ખાતે કરવામાં આવશે. અન્ય સેવાભાવી સંસ્થાઓ પણ સંપર્ક કરી ઉકાળો મેળવી પોતાના વિસ્તારમાં તેનું વિતરણ કરી શકશે.

## કોરોના વોરિયર્સ તથા કોવિડગ્રસ્ત પરિવારો માટે રાધે રાધે પરિવારની ભોજન સેવા

ગાંધીનગરના સેવાભાવી યુવાનોની સંસ્થા રાધે રાધે પરિવાર દ્વારા કોરોના વોરિયર્સ અને કોરોના મહામારીના કારણે સંપૂર્ણ પરિવારને હોમ કવોરોન્ટાઈન થવું પડયું હોય અને જેથી ઘરમાં રસોઈ રાંધવા માટેની તલીફ હોય તેવા પરિવારોને વિના મૂલ્યે ભોજન સેવા પુરી પાડવાનું નક્કી કરવામાં આવ્યું છે. કોરોના મહામારીની આ કપરી પરિસ્થિતિમાં પીડિતોને મદદરૂપ થવાના આશયથી આયોજિત આ સેવાકાર્યનો લાભ લેવા માટે મો.નં. ૮૧૪૧૭૪૩૨૪૧ અથવા ૯૧૫૭૬૩૭૮૭૬ પર સંપર્ક સાધવા સંસ્થાએ જણાવ્યું છે. આ સાથે આ સેવા પ્રવૃત્તિમાં શહેરના સેવાભાવી નાગરિકોને સહકાર આપવા પણ આહવાન કરવામાં આવ્યું છે. અત્રે નોંધનીય છે કે રાધે રાધે પરિવાર દ્વારા અત્યારે આ સેવા શહેરના ૧ થી ૩૦ સેકટર માટે જ શરુ કરવામાં આવી છે.

## ચિરવિદાય

**● મુકિતધામ ●**

- **સ્વ. ઠાકોર શૈલેષજી કાંતિજી,** ઉ.વ. ૪૬, શિહોલીમોટી
- **સ્વ. ચૌધરી જોઈતીબેન અમરતભાઈ,** ઉ.વ. ૬૨, હિમંતપુરા, માણસા
- **સ્વ. ચૌધરી કમુબેન દશરથભાઈ,** ઉ.વ. ૫૮, આમજા, માણસા
- **સ્વ. ભરવાડ સામંતભાઈ દેવસીભાઈ,** ઉ.વ. ૬૫, સેકટર-૨૬
- **સ્વ. મનોજભાઈ વલ્લભભાઈ,** ઉ.વ. ૫૧, કુડાસણ
- **સ્વ. વિશ્વકર્મા સિધ્ધરાજસિંહ રામસિંહ,** ઉ.વ. ૫૨, લેકાવાડા
- **સ્વ. રાવળ સોમજીભાઈ લાલજીભાઈ,** ઉ.વ. ૬૮, સેકટર-૫
- **સ્વ. પટેલ રમણભાઈ કાંતિભાઈ,** ઉ.વ. ૬૧, સેકટર-૨૬
- **સ્વ. ઠાકોર સોમીબેન આતાજી,** ઉ.વ. ૭૬, પાલજ
- **સ્વ. ત્રિવેદી રજનીકાંત કાકુભાઈ,** ઉ.વ. ૭૨, સેકટર-૨૨
- **સ્વ. ત્રિવેદી બાબુભાઈ પુરષોત્તમદાસ,** ઉ.વ. ૮૬, સેકટર-૨૩
- **સ્વ. પટેલ મંગુબેન ગોરધનભાઈ,** ઉ.વ. ૭૬, રીદ્રોલ, માણસા
- **સ્વ. પરમાર અમૃતબેન ભલાભાઈ,** ઉ.વ. ૫૧, નિરમાલી, કપડવંજ
- **સ્વ. વાઘેલા વિક્રમસિંહ લક્ષ્મણસિંહ,** ઉ.વ. ૫૨, લેકાવાડા
- **સ્વ. રાઠોડ શાંતાબેન અર્જુનસિંહ,** ઉ.વ. ૮૧, સેકટર-૨૬
- **સ્વ. વાળંદ અંબાલાલ કરશનભાઈ,** ઉ.વ. ૬૫, ધણપ
- **સ્વ. પટેલ વિમળાબેન ગોકળભાઈ,** ઉ.વ. ૭૬, સેકટર-૨
- **સ્વ. ચૌધરી સુરજબેન લવજીભાઈ,** ઉ.વ. ૧૦૪, લીમ્બોદરા, માણસા
- **સ્વ. પંચાલ ભાવનાબેન મહેન્દ્રકુમાર,** ઉ.વ. ૫૦, ત્રાગડ, અમદાવાદ
- **સ્વ. તડવી ચતુરભાઈ લલ્લુભાઈ,** ઉ.વ. ૫૮, રાંધેજા
- **સ્વ. પટેલ ચીમનલાલ ગાભાભાઈ,** ઉ.વ. ૬૨, સેકટર-૧૪
- **સ્વ. મકવાણા બાલુબેન ડાહ્યાભાઈ,** ઉ.વ. ૮૫, સેકટર-૨૪
- **સ્વ. શાહ ભરત મહાસુખલાલ,** ઉ.વ. ૬૪, સરગાસણ
- **સ્વ. ઠાકોર ચંદુજી ભીખાજી,** ઉ.વ. ૩૮, આદીવાડા
- **સ્વ. ઠાકર મીનાબેન શકરાજી,** ઉ.વ. ૪૦, રીદ્રોલ, માણસા
- **સ્વ. પરમાર અમૃતલાલ શિવરામ,** ઉ.વ. ૭૮, સેકટર-૧૪
- **સ્વ. જાદવ સંજયભાઈ છનાભાઈ,** ઉ.વ. ૨૯, રૂપાલ
- **સ્વ. માંકડ દમયંતી જી.,** ઉ.વ. ૯૭, સેકટર-૮
- **સ્વ. ચૌધરી વિનોદભાઈ ગુલાબભાઈ,** ઉ.વ. ૫૯, કાળીયાનગર, માણસા
- **સ્વ. પ્રજાપતિ ચંદ્રિકાબેન મણીભાઈ,** ઉ.વ. ૫૪, પેથાપુર
- **સ્વ. મુખીયા સુભાષ પરિસન,** ઉ.વ. ૫૫, બોરીજ
- **સ્વ. ગોલ બલુજી નાથુજી,** ઉ.વ. ૮૦, વાવોલ
- **સ્વ. વાઘેલા સજનબા લક્ષ્મણસિંહ,** ઉ.વ. ૮૩, લેકાવાડા
- **સ્વ. સુતરીયા ડાહ્યાલાલ બીજલભાઈ,** ઉ.વ. ૮૬, સેકટર-૩
- **સ્વ. છાભૈયા કાન્તીભાઈ મેવજીભાઈ,** ઉ.વ. ૫૦, સેકટર-૨૮

**● રૂદ્રભૂમિ ●**

- **સ્વ. મેસરીયા પરસોત્તમભાઈ રામજીભાઈ,** ઉ.વ. ૬૦, સોલૈયા, માણસા
- **સ્વ. પટેલ ઉષાબેન નાનુભાઈ,** ઉ.વ. ૬૪, સેકટર-૩
- **સ્વ. ભાંખરીયા વિઠ્ઠલભાઈ એસ.,** ઉ.વ. ૮૨, ચાંદખેડા, અમદાવાદ
- **સ્વ. ગગલાણી કિશોરચંદ્ર કાન્તીલાલ,** ઉ.વ. ૬૮, જૂનાગઢ
- **સ્વ. વ્યાસ ઈન્દુબેન અજયકુમાર,** ઉ.વ. ૪૬, પલીયડવેડા, કલોલ
- **સ્વ. પ્રજાપતિ ભીખીબેન ભરતભાઈ,** ઉ.વ. ૫૩, અડાલજ
- **સ્વ. ઠાકોર ઈશ્વરજી સોમતાજી,** ઉ.વ. ૪૫, સરગાસણ
- **સ્વ. બિહોલા બચુભા વરવાજી,** ઉ.વ. ૭૮, પાલજ
- **સ્વ. વાળંદ રમણલાલ મંગળદાસ,** ઉ.વ. ૮૯, સેકટર-૨
- **સ્વ. રાવળ મંજુલાબેન જેસંગભાઈ,** ઉ.વ. ૫૪, સેકટર-૪
- **સ્વ. બિહોલા પ્રવિણસિંહ ગુલાબસિંહ,** ઉ.વ. ૫૩, પાલજ

## શહેરમાં ભારતમાતા મંદિરનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ રામનવમીએ યોજાશે

ગાંધીનગર, તા.૧૨

વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા ગાંધીનગર સે-૭ ખાતે ભારતમાતા મંદિરનું નિર્માણ કરવામાં આવ્યું છે. સ્વ. અશોક સિંગલજીની વૈચારિક પ્રેરણાથી બનેલ આ મંદિરની તમામ જવાબદારી સંસ્થા દ્વારા ઉમા પ્રોજેકટસ મહાલક્ષ્મીના દિલીપભાઈ પટેલને સોંપવામાં આવી છે અને આ મંદિરનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ તા. ૧૮ થી ૨૧ એપ્રિલ દરમિયાન યોજાનાર છે તથા પ્રાણ પ્રતિષ્ઠા રામનવમીના દિવસે યોજાનાર છે.

આ ભારતમાતા મંદિર બનાવવા માટે ગુજરાત સરકાર તરફથી વિશ્વ હિન્દુ પરિષદને ધાર્મિક હેતુસર ૧૫૦૦ ચોરસ મીટર જમીન શહેરના સે-૭માં ફાળવવામાં આવી હતી જયાં હાલ ભારતમાતા મંદિરનું નિર્માણ થયું છે. આ મંદિરના નિર્માણની તમામ જવાબદારી દિલીપભાઈ પટેલ, અબજીભાઈ તથા હીરાબાઈ ધોળુ દ્વારા નિભાવવામાં આવી છે. આ મંદિરનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્વસ તા. ૧૮ થી ૨૧ દરમિયાન યોજાનાર છે. તો સંસ્તા વતી તમામ શહેરીજનોને મંદિરે દર્શનાર્થે આવવા માટે જણાવાયું છે.

## મિત્રોને એપ્રિલ ફુલ બનાવવા માટે ધોરણ-૧૦ અને ૧૨ની પરિક્ષા યાદીમાં છેડછાડ કર્યાનો બાળકિશોરનો ખુલાસો

ગાંધીનગર, તા.૧૨

ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ ની બોર્ડની પરિક્ષાનો કાર્યક્રમ જાહેર કરાયો હતો. ત્યારે પોતાના મિત્રોને એપ્રિલફુલ બનાવવા માટે પરિક્ષાની તારીખોમાં છેડછાડ કરીને અખબારી યાદી વાયરલ કરનાર બાળ કિશોરને ગાંધીનગર એલસીબી-૨ પોલીસે પકડી પાડ્યો છે.

સુત્રો પાસેથી મળતી વિગત મુજબ ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ-૧૦ અને ધો-૧૨ ની પરિક્ષા જાહેર કરવામાં આવી હતી. જેમાં તા.૧૦-૫-૨૧ થી તા.૨૫-૫-૨૧ સુધીમાં પરિક્ષા યોજાશે. તેવી અખબારી યાદી જાહેર કરવામાં આવી હતી. પરંતુ સોશ્યલ મિડીયામાં ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ ની પરિક્ષા તા.૧૫ થી ૩૦ જુન યોજાશે તેવી યાદી ફરતી થઈ હતી. જેથી વિદ્યાર્થી તેમજ વાલીઓને ગેરમાર્ગે દોરવામાં આવ્યા હોવાનું સામે આવ્યું હતું. જેને અનુલક્ષી બોર્ડ દ્વારા સેકટર-૭ પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ હતી. આ ગુનાની તપાસ ગાંધીનગર એલસીબી-૨ ને સોંપવામાં આવી હતી. જેથી તપાસ કરતા આ મેસેજ સોશ્યલ મિડીયામાં વિવિધ રીતે વાયરલ થયો હતો. સોશ્યલ મિડીયા ઈન્ટરસેપશન તેમજ ટેકનીકલ એનાલીસીસ અને ફિઝીકલ તપાસ કરતા આ યાદી એક બાળ કિશોર દ્વારા વાયરલ થઈ હોવાનું જાણવા મળ્યું હતું. આ કિશોરે પોતાના મિત્રોને એપ્રિલ ફુલ બનાવવા માટે પહેલી એપ્રિલના રોજ બોર્ડની વેબસાઈટ પરથી ધોરણ-૧૦ અને ધો-૧૨ ની પરિક્ષાની તારીખ સહિતની સહી સિકકા વાળી યાદી ડાઉનલોડ કરી હતી. ત્યારબાદ પોતાના મોબાઈલ એપ્લિકેશન દ્વારા તારીખોમાં એડીટ કરીને સોશ્યલ મિડીયામાં ફરતી કરવામાં આવી હતી.

## કોરોનાથી સાવચેતી રાખીએ પણ વિકાસને ન રોકીએના મંત્ર સાથે ચેમ્પ્સ એકેડેમીના નવા શૈક્ષણિક સંકુલનો થયેલો શુભારંભ

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગરની જાણીતી શૈક્ષણિક સંસ્થા ચેમ્પ્સ એકેડેમીનું નવું અદ્યતન સવલતો સાથેનું શૈક્ષણિક સંકુલ આજથી સેકટર-૨૧માં કાર્યરત થયું છે. ચેમ્પ્સના ડાયરેકટર શ્રી કેવલભાઈ ત્રિવેદીએ અદ્યતન સંકુલના શુભારંભ પ્રસંગે જણાવ્યું હતું કે, ઈન્ટરનેટ, ઓએચપી, સ્માર્ટ બોર્ડ સાથેની અદ્યતન સવલતો સાથે વિદ્યાર્થીઓને અહીં તૈયાર કરવામાં આવશે. વિદ્યાભ્યાસની સાથે સાથે સાંસ્કૃતિક અને ઈતર પ્રવૃત્તિ સાથે વિદ્યાર્થીઓનો સમગ્રતયા વિકાસ કરવામાં આવી રહ્યો હોવાનું તેમણે વધુમાં ઉમેર્યું હતું.

ચેમ્પ્સના નવા અદ્યતન શૈક્ષણિક સંકુલને મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ પત્ર દ્વારા શુભેચ્છા પાઠવતા જણાવ્યું છે કે, ચેમ્પ્સના અનુભવી પ્રાધ્યાપકો દ્વારા વિદ્યાર્થીઓ આઈઆઈટી, જેઈઈ, તબીબી અને ફાઉન્ડેશન કોર્સ માટે તૈયાર કરીને તેમનું ઉજ્જવળ ભાવી સુનિશ્ચિત કરી રહ્યા છે એ સરાહનીય બાબત છે. શિક્ષણ મંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ ચેમ્પ્સના ડાયરેકટર શ્રી કેવલભાઈ ત્રિવેદીને પત્ર પાઠવીને જણાવ્યું છે કે, ચેમ્પ્સ એકેડેમીના વિદ્યાર્થીઓ અહીં હકારાત્મક પદાર્થપાઠ શીખીને એમના વ્યક્તિત્વનું આગવું પાસુ અવશ્ય બહાર લાવી શકશે.

બે દાયકાથી વધુ શૈક્ષણિક કાર્ય અનુભવ ધરાવતા તજજ્ઞ ફેકલ્ટી દ્વારા ચેમ્પ્સમાં વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસના તમામ પગલાં લઈ રહ્યા છે. ગત વર્ષે ચેમ્પ્સના તમામ વિદ્યાર્થીઓએ અંગ્રેજી માધ્યમમાં ઉત્કૃષ્ટ પરિણામો પ્રાપ્ત કરીને એમની ઉજ્જવળ કારકિર્દી તરફ પ્રયાણ આદર્યું છે. ભારત સરકાર અને ગુજરાત સરકારની નવી ગાઈડ લાઈન મુજબ ચેમ્પ્સ એકેડેમી દ્વારા ગત વર્ષથી અંગ્રેજી માધ્યમ ઉપરાંત ગુજરાતી માધ્યમનું પણ કોચીંગ અસરકારક રીતે શરૂ કરવામાં આવતા વિદ્યાર્થીઓ અને વાલીઓમાંથી અત્યંત સાનુકુળ પ્રતિભાવ સાંપડી રહ્યો હોવાનું શ્રી કેવલ ત્રિવેદીએ વધુમાં ઉમેર્યું હતું.

શ્રી કેવલભાઈ ત્રિવેદીએ જણાવ્યું છે કે, કોરોના મહામારીના કપરા કાળમાં વિદ્યાર્થીઓનું સ્વાસ્થ્ય જળવાય અને એમની શૈક્ષણિક પ્રક્રિયામાં પણ રૂકાવટ ન આવે એ રીતે ચેમ્પ્સ એકેડેમીએ ઓનલાઈન શિક્ષણ કાર્યની સુદ્રઢ વ્યવસ્થા છેલ્લા સવા વર્ષથી અમલમાં મૂકી છે. વિદ્યાર્થીઓ અને વાલીઓના આ સંદર્ભે સાનુકૂળ પ્રતિભાવ સાંપડ્યા છે. ઈશ્વરની કૃપા અને એકેડેમીની સાવચેતીના પરિણામે ચેમ્પ્સ એકેડેમીના કોઈપણ વિદ્યાર્થીને અત્યાર સુધી કોઈ સંક્રમણ થયું નથી એમ તેમણે વધુમાં ઉમેર્યું હતું.

ઓનલાઈન અને ઓફલાઈન શિક્ષણ ઉપરાંત ડાઉટ સોલ્વીંગ, વન ટુ વન ડિસ્કશન, ઓનલાઈન એકઝામ, કોમ્પ્રિહેન્સીવ મટિરીયલ વગેરે અદ્યતન સવલતો અને સાયંન્ટિફિક એપ્રોચ દ્વારા ચેમ્પ્સમાં વિદ્યાર્થીઓનું ઘડતર થઈ રહ્યું છે. કોરોનાથી સાવચેત ચોક્કસ રહીએ પણ વિકાસને ન રોકીએ એ સૂત્ર સાથે ચેમ્પ્સ એકેડેમી શૈક્ષણિક કાર્ય નિષ્ઠાપૂર્વક આગળ ધપાવે છે.

## નવા સચિવાલયની કેન્ટીનમાં સ્ટાફ તથા વેઈટરો માસ્ક પહેરતા નથી !




ગાંધીનગર, તા.૧૨

હાલની સ્થિતિએ ગાંધીનગર સહીત તમામ શહેરોમાં દિન પ્રતિદિન કોવિડ-૧૯ના કેસો વધતા જ જાય છે ત્યારે માસ્ક પહેરવાની સરકારી સુચનાનું સરકારના ઘર આંગણે એટલે કે નવા સચિવાલયમાં જ ખુલ્લેઆમ ઉલ્લંઘન થઈ રહ્યું છે. સચિવાલયના બ્લોક નં.૬ના ત્રીજા માળે આવેલી કેન્ટીનમાં વેઈટર, કેશિયર તથા કેન્ટીનના સ્ટાફ મેમ્બરો માસ્ક નહીં પહેરતા હોવાની ફરીયાદ કર્મચારી આલમમાં ઉઠવા પામી છે. કેન્ટીનના વેઈટરો તથા સ્ટાફ મેમ્બરો માસ્ક બિલકુલ પહેરતાં જ નથી અથવા પહેરે તો તો ફકત દેખાવ ખાતર મોં ઉપર લટકાવીને રાખે છે.

સચિવાલયમાં હાલ મંત્રીઓ, અધિકારીઓ તથા મીનીસ્ટ્રીયલ સ્ટાફ સહીત અસંખ્ય લોકો કોરોના સંક્રમિત થયા છે ત્યારે સરકારી કેન્ટીનમાં માસ્ક પ્હેરવાની સરકારી સૂચનાનું પાલન થાય તે માટે યોગ્ય કાર્યવાહી કરવા માંગ ઉઠવા પામી છે.

## જન્મદિને વધામણી



**પંકજ દેસાઈ**
કારોબારી સભ્ય
ગાંધીનગર કલ્ચરલ ફોરમ
અને શિવરંજની
મો. ૯૯૨૫૪ ૬૦૪૬૦



**જિજ્ઞાસા સુકેતુ મહેતા**
મો. ૭૬૦૦૦ ૩૨૪૯૦



**હર્ષા રમણ ભટ્ટ**
૯૯૯૮૮ ૧૦૭૮૨



**સચિનકુમાર નટવરલાલ દરજી**
મો. ૯૮૨૪૬ ૯૧૯૨૬



**અજય અંબાલાલ પ્રજાપતિ**
મો. ૮૧૪૧૩ ૬૮૪૪૮



**મૌલેષ છત્રપતિ**
મો. ૯૫૧૨૮ ૬૮૩૧૮



**બિહોલા મિતેષસિંહ ભરતસિંહ**
ઉપપ્રમુખ ગાંધીનગર જિલ્લા યુથ કોંગ્રેસ
મો. ૯૧૭૩૭ ૩૪૫૫૫



**મલિન હિરેન પટેલ**



**પ્રજાપતિ શિવાની**
મો. ૬૩૫૬૪ ૧૩૪૯૮